# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૨૮/૦૨/૨૦૨૫ શુક્રવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૧૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૯૪ લીટર દેશી દારૂ, ૫૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, અને ૧૫ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧,૪૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૨૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૩૨૧/૨૦૨૫**

**ખાડીયાઃ** બ્રિજેશભાઈ જીતેન્દ્રભાઈ આડેસરા (ઉ.વ.૩૫) (રહે. સારથી વિભાગ-૩ વૈભવ લક્ષ્મી મંદિર સામે સુરધારા સર્કલ પાસે મેમનગર) એ તા.૨૭/૦૨/૨૦૨૫ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૧૨/૨૦૨૩ થી માહે જાન્યુઆરી/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન માણેકચોક બંધારણના ખાંચામાં ઉત્તમ ચેમ્બર્સ દુકાન નંબર-૧૧ "બ્રીજેશ કોર્પોરેશન" નામની બ્રિજેશભાઈ આડેસરા નાઓની સોના-ચાંદીના દાગીનાની દુકાનેથી બ્રિજેશભાઈ આડેસરાના સંબંધી આરોપી દેવાંગભાઈ ઠાકોરભાઈ સોની (રહે. અર્જુન ગ્રેસ નારણપુરા ટેલીફોન એક્ષ્ચેન્જની બાજુમાં નારણપુરા) નાઓ ટુકડે-ટુકડે ૩ કિલો બસો ગ્રામ સોનુ તેમજ દસ કિલો જેટલા સોનાની આપ-લેના સોનાના ભાવ ફેર પેટે રૂપિયા ૮૦,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૦૪,૦૦,૦૦૦/- સોનુ લઈ જઈ તે પેટે પૈસા કે સોનુ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.જે.ભાટીયા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૩૨૨/૨૦૨૫**

**માધવપુરાઃ** પોખરજી રુપાજી વણજારા (ઉ.વ.૫૦) (રહે.ગામ ખેરપુર વણજારાવાસ તા-કડી જી-મેહસાણા) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૨/૨૦૨૫ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોખરજી વણજારા નાઓની પત્નીએ સુભાષબ્રીજ આર.ટી.ઓ.સર્કલથી શટલ ઓટોરિક્ષામાં બેસી માધવપુરા મોજડી બજાર સુધી મુસાફરી કરી હતી. જે મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં બેઠેલ બે મહીલાઓએ પોખરજી વણજારાની પત્નીની નજર ચુકવી તેઓની પાસેના ચેનવાળા થેલામાંથી લેડીઝ કપડા વચ્ચે મુકેલ રોકડ રૂપિયા ૭,૦૦,૦૦૦/- ચોરી કરી લીધા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એમ.કાળમા ચલાવે છે.

**શહેરકોટડાઃ** રાકેશભાઇ બાબુભાઇ પટણી (ઉ.વ.૭૧) (રહે. પંડીત દીનદયાલના ફ્લેટ,પી.ડી.પી ચાર રસ્તા, રાયસન મેટ્રો સ્ટેશન પાસે ગાંધીનગર) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૨/૨૦૨૫ સવારના ૯/૪૫ વાગ્યાના સુમારે કાલુપુર સર્કલ શાક માર્કેટ બાજુથી આવતા બ્રીજના છેડેથી શટલ ઓટો રીક્ષામાં બેસી અમદુપુરા આર્યોદય મીલની ચાલીના નાકા સુધીની મુસાફરી કરી હતી. જે મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં બેઠેલ ચાર પુરૂષોએ રાકેશભાઈની નજર ચુકવી પેન્ટના ખીસામાંથી રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- ચોરી કરી લીધા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જે.પામર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી